



દિનેશકુમાર પ્રજાપતિ, અભ્યુદય હાઇટ્સ, વેલ્સપુન કોલોનીની નજીક, ભરૂચ


દીપ, રંગકૃપા સોસાયટી - 1 ,કીમ


નીતિન પરમાર, ગણેશ યુવકમંડળ, મોટીફળોદ (માહ્યાવંશી મહોલ્લો), બારડોલી


સાંચી જીગ્નેશ ટેલર, લુહાર ચાલ, સાયણ

# ચોરોને ‘મોજ’: બંધ ઘરમાં ચોરી કરવા સોસાયટીના ઘરોને અડાગળા મારી દીધા!

**અંકલેશ્વરની** ઘટના, ગણપતિ મંડપની લાઇટ્સ ચાલુ રહી, ને ચોરોએ અંધારામાં ‘જેકપોટ’ મારી લીધો!


સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી નારાયણી મોબાઈલની દુકાનમાં નોકરી કરતા ફરિયાદી અશ્વિન જીજાબરાવ જગતાપ કરે છે. તેમની પત્ની રાણીબેન તા.૨૭/૮/૨૦૨૬ના રોજ પોતાના મામાના ઘરે નાસીક ખાતે ગયાં હતાં. ફરિયાદી તા.૧/૯/૨૦૨૬ના રોજ સાંજે પત્નીને મામાના ઘરે મૂકીને એકલા પોતાના ઘરે પરત આવ્યાં હતાં. ત્યારબાદ તા.૧૧/૯/૨૦૨૬ના રોજ રાત્રે સાડા દશ વાગ્યાની આસપાસ ઘરને તાળું મારી પત્નીને લેવા માટે કાર લઈને મહારાષ્ટ્ર ગયાં હતાં. તા.૧૩/૯/૨૦૨૬ના રોજ સવારે આઠ વાગ્યાની આસપાસ સોસાયટીમાં મ.નં.૧૦૨માં રહેતા અંકુશભાઈએ ફોન કરીને જાણ કરી હતી કે, તેમના ઘરના મેઈન દરવાજાનું તાળું તૂટેલું છે અને દરવાજો ખુલ્લો છે. વિડીયો કોલ પર ઘરની અંદરની હાલત જોઈ ત્યારે સામાન વેરવિખેર પડેલો હતો અને ચોરી થયાનું જણાયું હતું. ફરિયાદી બપોરે સવા બે વાગ્યાની આસપાસ ઘરે પહોંચ્યા ત્યારે જોયું કે, મુખ્ય દરવાજાનું લોક કોઈ સાધન વડે કાપી નાંખવામાં આવ્યું હતું. બેડરૂમમાં મૂકેલી પતરાની તિજોરીનું લોક તથા લોકરનું લોક તોડીને અંદરથી રોકડા રૂ.૪ લાખ, સોનાની ચેઈન વજન ૧૦ ગ્રામ કિં.રૂ.૧,૪૧,૭૪૦, સોનાના કાનના ઝુમ્મર વજન ૩.૫ ગ્રામ કિં.રૂ.૪૯,૧૦૯ મળી કુલ કિં. રૂ.૫,૯૧,૩૪૯ની ચોરી કરી લઈ ગયા હતા. સોસાયટીમાં ગણપતિ બેસાડવાના હોવાથી રાત્રે સાડા બારેક વાગ્યા સુધી સોસાયટીના માણસો ગણપતિના મંડપનું કામ કરતા હતા. વહેલી સવારે આશરે છ વાગે સોસાયટીના લોકો જાગ્યા ત્યારે ઘણા લોકોના ઘરના દરવાજાની સ્ટોપર બહારથી કોઈએ મારી દીધેલી હતી તેવું જાણવા મળ્યું હતું. આ અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે આગળની તપાસ શરૂ કરી છે. ચોરોની શોધખોળ માટે પોલીસ દ્વારા વિવિધ ટીમો રવાના કરવામાં આવી છે તેમજ સીસીટીવી ફૂટેજની તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

**હાઈકોર્ટે લગાવેલી લપડાક અને અધિકારીઓ સામે કન્ટેમ્પ્ટની નોટિસને પગલે**

# આખરે બુહારીમાં ગરીબ વિધવા મહિલાની કેબિન મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરાઈ

**હાઈકોર્ટના** આદેશને પગલે સિટી સરવે સુપરિન્ટેન્ડેન્ટ, વાલોડ મામલતદાર અને પોલીસની હાજરીમાં કેબિન મૂકવાની કામગીરી કરાઈ



બુહારી: બુહારી ગામના ચર્ચિત કેબિન પ્રકરણમાં અંતે ગુજરાત હાઈકોર્ટના કડક વલણ સામે તાપી જિલ્લા વહીવટી તંત્રને ઝૂકવાની ફરજ પડી છે. હાઈકોર્ટના આદેશ મુજબ 14 સપ્ટેમ્બર 2026ના રોજ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલાની હાજરીમાં વિધવા મહિલાની કેબિન મૂળ જગ્યાએ ફરી સ્થાપિત કરવામાં આવી છે. ગત તા.1 જુલાઈ 2026ના રોજ હાઈકોર્ટનો સ્ટે ઓર્ડર હોવા છતાં, એક અહંકારી રાજકીય નેતાના દબાણ હેઠળ બુહારીનાં ગરીબ વિધવા પાર્વતીબેન પરમાર અને તેમના પુત્ર મુકેશ પરમારની કેબિન તોડી પાડવામાં આવી હતી. જેને પગલે બુહારીના અગ્રણી સત્યજીતભાઈ દેસાઈ અને ઉપસરપંચ સૂરજ દેસાઈની પીડિત પરિવારની મદદે આવ્યા હતા. અને પીડિત પરિવારે હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. કોર્ટે કડક વલણ અપનાવી 17 ઓગસ્ટ-2026ના રોજ તાપી જિલ્લાના 8 અધિકારીઓને કોર્ટના અનાદરની નોટિસ આપી 11 સપ્ટેમ્બરે રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યો હતો. 11 સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટે તમામ અધિકારીઓને 18 સપ્ટેમ્બર પહેલાં કેબિન મૂળ જગ્યાએ સ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આ આદેશથી સમગ્ર તાપી જિલ્લાનું વહીવટી તંત્ર એ કેબિન દૂર કરાવનાર રાજકીય નેતા અને તેના મળતિયાઓને જબરદસ્ત ઝટકો લાગ્યો હતો. હાઈકોર્ટના આદેશને પગલે આજે 14 સપ્ટેમ્બરના રોજ સિટી સરવે સુપરિન્ટેન્ડેન્ટ નિમેષ પટેલ, વાલોડ મામલતદાર યોગેશ પટેલ અને પોલીસ તંત્રની હાજરીમાં કેબિન પુનઃ મૂકવામાં આવી હતી. કેબિન પરત મુકાતાં ગામલોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ ઘટના અંગે બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈએ જણાવ્યું હતું કે, આ કાયદા અને ન્યાયની જીત છે. બુહારીમાં ગરીબોનો હક કોઈ રાજકીય નેતાના અહંકાર કરતા મોટો છે.

## મોટી નરોલી નજીક પાર્ક કરેલાં બે ડમ્પરની ટાંકી તોડી ડીઝલની ચોરી

હથોડા: મોટી નરોલી નજીક એક્સપ્રેસ હાઈવેના કટ પાસે પાર્ક કરેલાં બે ડમ્પરની ટાંકીનાં લોક તોડી 400 લીટર ડીઝલની ચોરી થઈ હોવાને ફરિયાદ પાલોદ પોલીસ ચોપડે નોંધાઈ છે. મધ્યપ્રદેશના વતની અને ડ્રાઈવર તરીકે કામ કરતાં ઉમેશ સંગુ કુશવાહા (ઉં.વ.34)એ જણાવ્યું હતું કે, ઓમ સાઈ રામ લોજિસ્ટિક નામના ટ્રાન્સપોર્ટના ડમ્પર નં.(એમએચ 40 ડીસી 4816) અને એમએચ 40 ડીસી 4818 મોટી નરોલી એક્સપ્રેસ હાઈવેના કટ પાસે પાર્ક કર્યાં હતાં. જે બંને ડમ્પરની ટાંકીના લોક તોડી 400 લીટર કિં. રૂ.38,000ના મુદ્દામાલના ડીઝલની ચોરી કરી તસ્કરો ભાગી ગયા હતા. આ અંગે પાલોદ પોલીસે ફરિયાદ દાખલ કરી છે. મોટી નરોલી નજીક તાજેતરમાં જ 3 લાખથી વધુ વાયર ચોરાયાની ફરિયાદ નોંધાઈ છે. જે તસ્કરો પકડાયા નથી. ત્યાં ડીઝલ ચોરી થતાં સ્થાનિકો તેમજ વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈચ્છાપોર પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમે સફળ કામગીરી કરીને ઈચ્છાપોર પોલીસ મથકના હત્યાના ગુનામાં લાજપોર મધ્યસ્થ જેલમાંથી પેરોલ રજા પર છૂટી ફરાર થયેલા કેદીને કોસંબાથી પકડી પાડ્યો હતો. સુરત રેન્જ આઈજી પ્રેમવીર સિંહ અને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા કેદીઓને પકડવા ઝુંબેશ હાથ ધરાઈ હતી. દરમિયાન પી.આઈ. એલ.ડી. ઓડેદરાની સૂચનાથી એ.એસ.આઇ. કિરણસિંહ અને કોન્સ્ટેબલ સાગરભાઇને ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ કોસંબાના દાઉજી બિલ્ડિંગમાંથી આરોપી ભાવિનભાઈ અશોકભાઈ પટેલ (ઉં.વ.૪૦)ને ઝડપી લેવાયો હતો. આરોપી ૩૦ દિવસના વચગાળાના જામીન પૂરા થયા બાદ ૨૮ જુલાઈ-૨૦૨૬ના રોજ જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયો હતો. હાલ પોલીસે તેને ફરીથી લાજપોર જેલ હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

### માંડવીના બલાલતીર્થ ગામે ડેરી નજીકથી ૭ ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યુ કરાયું


હિતેશ પટેલ

માંડવી: માંડવીના બલાલતીર્થ ગામે આવેલી દૂધ ડેરી નજીક અચાનક એક વિશાળકાય અજગર દેખાતાં સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આશરે ૭ ફૂટ લાંબા અજગરને જોતાં જ ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતાં જ વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ અજગરને સલામત રીતે પકડી સ્થિતિ કાબૂમાં લીધી હતી. રેસ્ક્યુ કરાયેલા અજગરને ગાઢ જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### આમણીયામાં ડાંગના યુવકની બાઈક ચોરાઈ

વ્યારા: ડોલવણના આમણીયામાં ગામે કોતરમાં કરચલા પકડવા ગયેલા ડાંગના યુવકની બાઈક ચોરી થઈ હતી. ગત તા.4-9-2026ના રોજ બાબુભાઈ રામુભાઈ કામડી (ઉં.વ.38) (ધંધો-ખેતીકામ) (રહે.,જામનપાડા, ઉપલું ફળિયું, તા.વઘઇ) બપોરે પોતાની મોટરસાઇકલ નં.(GJ 30B 1135) લઇને ડોલવણના આમણીયા ગામની સીમમાં આવેલા કોતરડામાં કરચલા પકડવા ગયો હતો. દરમિયાન રસ્તાની બાજુમાં મૂકેલી બાઈક ચોરાઈ જતાં ઘણા દિવસથી શોધખોળ છતાં બાઈક મળી ન આવતાં યુવકે ગત 12મી સપ્ટેમ્બરે ડોલવણ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### માંડવીમાં ‘સેવા સંકલ્પ કળશ યાત્રા’નું સ્વાગત


હિતેશ પટેલ

માંડવી: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તથા વડાપ્રધાન તરીકેના જનસેવા અને રાષ્ટ્રસમર્પણનાં ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉનાઈ માતાજીના મંદિરેથી પ્રસ્થાન થયેલી ‘સેવા સંકલ્પ કળશ યાત્રા’નું સુરત જિલ્લાના માંડવી ખાતે આગમન થતાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડનગરથી વારાણસી સેવાયાત્રા અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ મંત્રી ગણપતભાઈ વસાવા તેમજ સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ વીર જવાનો તથા તેમના પરિવારોનું શાલ ઓઢાડી ભાવપૂર્વક સન્માન કર્યું હતું અને ઉખલદા ગામના શહીદ જવાન ઋત્વિકકુમાર ચૌધરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# મહાકાલેશ્વરના દર્શને જઈ રહેલા અંકલેશ્વરના યુવકનું અકસ્માત મોત



ભરૂચ: અંકલેશ્વરથી ઉજ્જૈન મહાકાલેશ્વર દર્શને જઈ રહેલા યુવકોની કાર નં.(GJ ૧૬ DG ૬૦૦૬)ને કાલોલ તાલુકાના બકરોલ નજીક દિલ્હી-મુંબઈ હાઈવે પર અકસ્માત નડ્યો હતો. ૧૪ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે ૧:૪૫ વાગ્યાના સુમારે અજાણ્યા વાહને પાછળથી કારને જોરદાર ટક્કર મારતાં કાર ચલાવી રહેલા અંકલેશ્વરના દીપ મહેશભાઈ પટેલ (ઉં.વ.૩૧)નું મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર તેમનો મિત્ર કલ્પેશ ભાનુશાલીનો બચાવ થયો હતો. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી હતી, જ્યાં તબીબોએ દીપભાઈને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહને કાલોલ રેફરલ હોસ્પિટલ મોકલાયો છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કડોદરામાં ભૂલવાની બીમારી ધરાવતા વૃદ્ધા અચાનક ગુમ

પલસાણા: કડોદરા સ્થિત રાધારમણ બિલ્ડિંગમાં રહેતા ૫૮ વર્ષીય વિણાદેવી માનકીદાસ ગોગુ દાસ ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ બપોરે મેવાડા ભવન પાસેથી કોઈને કહ્યા વિના ગુમ થઈ ગયાં છે. મૂળ બિહારના વતની અને ભૂલવાની બીમારી ધરાવતાં આ વૃદ્ધાની પરિવારજનોએ ભારે શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પતો ન મળતાં આખરે પોલીસ મથકે જાણ કરી હતી. આ અંગે પુત્ર હરેન્દ્રકુમારની જાણના આધારે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે જાણવા જોગ નોંધી શોધખોળ શરૂ કરી છે.

# પંડવાઈ સુગરમાં ઈશ્વરસિંહ પટેલની ફરી ચેરમેન પદે સર્વાનુમતે વરણી

**અનિલ** પટેલ વાઈસ ચેરમેન બન્યા



ભરૂચ: ભરૂચ અને સુરત જિલ્લામાં ધરતીપુત્રો માટે કામધેનુ ગણાતી પંડવાઈ સુગર ફેક્ટરીમાં ચેરમેન પદે ફરીવાર ઈશ્વરસિંહ પટેલ (મંત્રી–રાજ્યના જળસંપતિ વિભાગ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જ્યારે વાઈસ ચેરમેન તરીકે અનિલ પટેલની વરણી કરવામાં આવી છે. ચેરમેન પદે ઈશ્વરસિંહ પટેલની આ 11મી વખતની નિમણૂક છે.

હાંસોટની પંડવાઈ સુગરની ચૂંટણીમાં ઈશ્વરસિંહ પટેલની સહકાર પેનલને બિનહરીફ તેમજ બે બેઠકો પર ક્લીન સ્વીપ મળતાં કુલ 16 બેઠક પર વિજયનો વરઘોડો જાળવી રાખ્યો છે. ગણેશ ચતુર્થીના દિવસે જ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાતાં અંકલેશ્વર પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી, જેમાં ચેરમેન પદે ઈશ્વરસિંહ પટેલનું નામ સર્વસંમતિ જાહેર થતાં તેમની વરણી કરવામાં આવી હતી. જ્યારે વાઈસ ચેરમેન પદે અનિલભાઈ પટેલની પણ બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમની પસંદગી થતાં ડિરેક્ટરો અને સમર્થકોએ શુભકામનાઓ પાઠવી હતી. ચેરમેન તરીકે ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, પંડવાઈ સુગર સાથે સંકળાયેલા મારા ખેડૂતોને શેરડીના સારા ભાવો મળે એ માટે અમે પ્રયાસો કરીશું. સાથે જ ઈથેનોલ આધારિત ઈંધણની ડિમાન્ડને ધ્યાનમાં રાખી ભવિષ્યમાં અમે ચોખા અને મકાઈમાંથી ઈથેનોલ પ્લાન્ટ નાંખવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

# ઉચ્છલમાં દારૂનું દૂષણ અટકાવવા માંગ

**આદિવાસી** સર્વાંગી વિકાસ સંઘે ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



વ્યારા: આદિવાસી સર્વાંગી વિકાસ દ્વારા આદિવાસી વિસ્તારોમાં આદિવાસીઓના હિતો અને અધિકારના રક્ષણ માટે પેસા એક્ટનું અસરકારક અમલીકરણ કરવાની માંગ કરવા સહિત વિવિધ મુદ્દે ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે, જેમાં તાપીના ઉચ્છલ તાલુકામાં જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરી જૂથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ અન્ય ગામોને સ્વતંત્ર ગ્રામ પંચાયત બનાવવા સહિત ઉચ્છલ તાલુકામાં દરેક ગામમાં દેશી અને વિદેશી દારૂનું દૂષણ અટકાવવા, 1થી 8 ધોરણની પ્રાથમિક શાળામાં ક્લાર્કની નિમણૂક કરવા, ગામની ગોચર અને સરકારી પડતર જમીનમાં ઘર થાળા માટે પ્લોટની ફાળવણી કરવા, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સોનોગ્રાફીની સુવિધા ઉપલબ્ધ કરાવવા અને દરેક વિભાગના ડોક્ટરોની કાયમી ધોરણે ફાળવણી કરવા સહિતની માંગ કરી છે.


## સુરત મહાનગરપાલિકા
## જાહેર અપીલ
FIT INDIA
### શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવા બાબત

સુરત શહેરમાં આગામી શ્રી ગણેશ ઉત્સવ નિમિતે સ્થાપિત કરવામાં આવતી પ્રતિમાઓ પૈકી પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) માંથી બનાવેલ પાંચ ફુટ સુધીની પ્રતિમાઓને, એન્વાયરોમેન્ટ (પ્રોટેકશન) એક્ટ ૧૯૮૬ ની કલમ-૫ હેઠળ ગુજરાત સરકારનાં વન અને પર્યાવરણ વિભાગનાં પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ધ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં તા.૦૯/૦૫/૨૦૧૩નાં હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલનાં તા.૧૮/૦૮/૨૦૧૫નાં હુકમને આધારે પર્યાવરણનાં રક્ષણ માટે આગામી તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ સુધીનાં શ્રી ગણેશ ઉત્સવ નિમિત્તે થનાર શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કુદરતી જળાશયોમાં નહી કરતાં નીચે જણાવેલ ૨૧(એકવીસ) કૃત્રિમ તળાવો (આર્ટીફીશીયલ પોન્ડ) માં કરવા સુરત મહાનગરપાલિકા તરફથી આયોજન કરવામાં આવેલ છે.

| અ. નં. | ઝોન | શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જન માટેના કૃત્રિમ તળાવોના લોકેશન | | સંખ્યા | ગૌરી ગણેશ | ગણેશ વિસર્જન |
|---|---|---|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ૧. | ડુમસ ગામ - કાંદી ફળીયા (૧) | ૩ | | ✓ |
| | | ૨. | ડુમસ ગામ - કાંદી ફળીયા (૨) | | ✓ | ✓ |
| | | ૩. | ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ-મગદલ્લા), ફા. પ્લોટ નં.૧૨૯, નંદીની -૩ ની સામે, VIP રોડ અને ટી.પી. સ્કીમ નં.૬ (વેસુ), ફા. પ્લોટ નં.૭૩, વાસ્તુગ્રામ નજીક, વી.આઈ.પી.રોડ. વેસુ. | | | ✓ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૪. | ગાંધી બાગની પાછળ, ડક્કા ઓવારા, ચોક. | ૧ | ✓ | ✓ |
| ૩ | વરાછા ઝોન-એ | ૫. | ટી.પી. સ્કીમ નં. ૨૦ (પુણા), ફા. પ્લોટ નં. ૧૯૨, ક્રિસ્ટલ પ્લાઝાની બાજુમાં, સીલ્વર ચોક પાસે. | ૧ | ✓ | ✓ |
| ૪ | વરાછા ઝોન-બી | ૬. | પ્રિ.ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા-સિમાડા), ફા.પ્લોટ નં. ૧૪૭ (સેલ ફોર રેસી.), ગૌરવ સેનાની ભવન, સરથાણા ફાયર સ્ટેશનની પાછળ, સરથાણા. | ૨ | ✓ | ✓ |
| | | ૭. | ટી.પી. સ્કીમ નં.૨૫(મોટા વરાછા), ઓ.પી.નં.૬૫, બ્લોક નં.૪૯૦, રામચોક પાસે, મોટા વરાછા. | | ✓ | ✓ |
| ૫ | લિંબાયત ઝોન | ૮. | ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી), ફા. પ્લોટ નં.ઓ-૪૬, (રીક્રિએશન ફોર એસ.એમ.સી.), નવાગામ ડીંડોલી સી.એન.જી. પંપ થી નંદનવન રો-હાઉસ તરફ જતા રોડ પર | ૩ | ✓ | ✓ |
| | | ૯. | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવટ - મગોબ), વેચાણ હેતુ રેસીડેન્સનાં હેતુ માટે અનામત ફા.પ્લોટ નં.૧૧૦/૧/૩, રાજ ટેક્ષટાઈલ્સની બાજુમાં, મગોબ. | | | ✓ |
| | | ૧૦. | ટી.પી. સ્કીમ નં. ૬૧ (પરવત-ગોડાદરા), ફા. પ્લોટ નં.આર-૨૫ આહિરચોક પાસે દેવીકૃપા રો - હાઉસ ની બાજુમાં, ગોડાદરા. | | | ✓ |
| ૬ | ઉધના ઝોન-એ | ૧૧. | ટી. પી. સ્કીમ નં. ૦૬(મજુરા - ખટોદરા), ફા. પ્લોટ નં.૩૭૮, ખરવર નગર જંક્શન પાસે | ૨ | ✓ | ✓ |
| | | ૧૨. | ટી.પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન), ફા. પ્લોટ નં.૭૧, સંગમનગર સોસાયટીની પાછળ, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે | | ✓ | ✓ |
| ૭ | ઉધના ઝોન-બી | ૧૩. | સુરત-નવસારી રોડને લાગુ સચિન સુડા સેક્ટર-૩ ખાતે આવેલ સી.ઓ.પી. | ૧ | ✓ | ✓ |
| ૮ | રાંદેર ઝોન | ૧૪. | ટી.પી. સ્કીમ નં. ૭૪ (પાલ), ફા.પ્લોટ નં. આર-૩, પાલ આર.ટી.ઓ. પાસે. | ૪ | ✓ | ✓ |
| | | ૧૫. | અડાજણ ગામ ડેપો વિસ્તારમાં આવેલ રામજી ઓવારા, સ્ટાર બજારની સામે, અડાજણ | | | ✓ |
| | | ૧૬. | ટી.પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા), ફા. પ્લોટ નં.૯૪, પરિશ્રમ પાર્ક પાસે | | | ✓ |
| | | ૧૭. | ટી.પી. સ્કીમ નં.૮ (પાલનપોર), ફા. પ્લોટ નં. ૧૨૦, પાલનપુર કેનાલ રોડ, નક્ષત્ર વ્યુ ની સામે | | | ✓ |
| ૯ | કતારગામ ઝોન | ૧૮. | ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), ફા. પ્લોટ નં.૧૯૯, લંકા વિજય ઓવારા પાસે. | ૪ | | ✓ |
| | | ૧૯. | ટી.પી સ્કીમ નં. ૨૬ (સિંગણપોર), એફ.પી.નં. ૧૨૫ ખાતે ડી-માર્ટ પાસે. | | ✓ | ✓ |
| | | ૨૦. | કોસાડ એચ-૫ આવાસ પાસે, કોમ્યુનીટી હોલની સામે. | | ✓ | ✓ |
| | | ૨૧. | ટી.પી સ્કીમ નં. ૫૧, એફ.પી.નં. ૨૦૧, વણઝારાવાસ પાસે, ડભોલી. | | | ✓ |

સુરત શહેરનાં તમામ શ્રીગણેશ ઉત્સવ આયોજકોને આથી જાહેર અપીલ કરવામાં આવે છે કે, તાપી નદી અને દરિયામાં થતા પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણનાં રક્ષણ માટે ગણેશજીની પ્રતિમાઓનું મંડપ/ઘરમાં વિસર્જન થાય તે મુજબ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓની સ્થાપના કરવા તેમજ પી.ઓ.પી. માંથી બનાવેલ શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન ઈ.ચા.પોલીસ કમિશનરશ્રી નાં જાહેરનામા પત્ર ક્રમાંક/ એસ.બી./ગણેશ મહોત્સવ/૧૩૨/૨૦૨૬, તા.૧૦/૦૭/૨૦૨૬માં દર્શાવેલ સુચનાઓનાં પાલન ને આધિન ઉપર જણાવેલ કૃત્રિમ તળાવોમાં જ કરવા અપીલ કરવામાં આવે છે.

NO.P.R.O.228/2026-27
DATE.14/09/26

કમિશનર
સુરત મહાનગરપાલિકા